**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૧૮ ટકા

# બહેનને કોરોના ભરખી જતાં તેની પાછળ ભાઈનું પણ આઘાતમાં અવસાન..!!

## શહેરના રબારી-માલધારી સમાજના અગ્રણી ગોકુળપુરાના વાલજીભાઈ રબારીએ એંબ્યુલન્સમાં જ દમ તોડ્યો : ઓક્સીજનવાળા બેડ માટે ઘોડાસર સુધી ધક્કો ખાધા પછી ગાંધીનગર લવાયેલા વાલજીભાઇની એંબ્યુલન્સ લાઇનમાં ત્રીજા નંબરે પંહોચીને તેમનું પ્રાણપંખેરૂ ઊડી ગયું

ગાંધીનગર તા. ૨૭

કોરોના વાઈરસ સંક્રમણ એટલી હદે સર્વત્ર વધી જવા પામ્યું છે કે ચારેકોર બસ જાણે મોતનો માતમ છવાયો છે. ક્યાક કોઈને પરિવારનું સભ્ય સંક્રમિત થઈને હોસ્પીટલમાં સારવાર મેળવવા ધક્કા ખાય છે તો ક્યાક કોઈના અવસાનના સમાચાર વ્હોટ્સએપ ગ્રૂપમાં આવે છે ત્યારે ખબર પડે છે કે તે પણ સંક્રમિત હતા. આવી સ્થિતિમાં શહેરમાં અનેક કરૂણ ઘટનાઓ સર્જાઈ રહી છે જેમાં વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે. શહેરના માલધારી સમાજના અગ્રણી ગોકુળપુરાના વાલજીભાઈ કલાભાઈ રબારીનું તા.૨૫મી એપ્રિલે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ સિવિલ હોસ્પિટલમાં દાખલ થવા માટે માત્ર ત્રીજા નંબરે ઊભેલી એંબ્યુલન્સમાં કરૂણ અવસાન થવા પામ્યું છે. વાલજીભાઈને કોરોના હતો કે નહીં તે તો સ્પષ્ટ





નથી થઈ શક્યું પણ પ્રાપ્ત માહિતી અનુસાર આશરે ચારેક દિવસ પૂર્વે પિલવાઈ ખાતે રહેતા તેમની બહેનના કોરોનામાં થયેલા નિધનથી તેઓ ખૂબ વ્યથિત હતા, જેનો આઘાત તેમના માટે જીવલેણ નિવડ્યો છે.

જે નાગરિકો હજુ પણ કોરોના મહામારીને ગંભીરતાથી નથી લેતા તેમના માટે આ ઘટના આંખ ઉઘાડનારી છે. વાલજીભાઈ જે સમાજના અગ્રણી હતા તે સમાજની વસાહત ગોકુળપુરાના રહીશો પણ વાલજીભાઈના અવસાનથી હવે કોરોના પ્રત્યે વધુ ચિંતિત બન્યા છે. વાલજીભાઈના બહેન કમુબેન દેસાઈનું તેમની સાસરી પિલવાઈ ખાતે તા.૨૧મી એપ્રિલના રોજ કોરોનાથી અવસાન થયું હતું જેનો આઘાત વાલજીભાઈને લાગ્યો હતો. તેઓ બહેનના બેસણાના સમાચાર વારંવાર તેમના ગોકુળપુરાના અને રબારી સમાજના અન્ય વ્હોટ્સએપ ગ્રૂપમાં મુક્તા હતા જેથી તે જોનારા સભ્યો પણ અચંબિત થતાં હતા. રબારી સમાજના રિતરિવાજ મુજબ બહેનના અવસાનના પાંચ દિવસ બાદ ભાઈના ઘરેથી પાંચ વ્યક્તિઓ બહેનના ઘરે જઈને કેટલીક સામગ્રી તેના સાસરિયાને સુપ્રત કરતાં હોય છે પરંતુ હાલ કોરોનાની ગંભીર સ્થિતિ હોવાથી વાલજીભાઇ તેમની સાથે માત્ર અન્ય એક જ વ્યક્તિને લઈને તા.૨૬મી એપ્રિલે આ રિવાજ પૂરો કરવા જવાના હતા પરંતુ એના આગળના દિવસે એટલે કે તા.૨૫મી એપ્રિલના રોજ સાંજે અચાનક તેમની તબિયત લથડી હતી અને તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. જોકે શહેરની સિવિલ હોસ્પિટલ કે અન્ય કોઈ હોસ્પિટલમાં ઑક્સીજનવાળો બેડ ના મળવાથી અમદાવાદ તપાસ કરતાં ઘોડાસર ખાતે એક હોસ્પીટલમાં બેડ હોવાની સબંધીઓ થકી વિગત પ્રાપ્ત થતાં વાલજીભાઈને તુરંત ત્યાં લઈ જવાયા હતા. જોકે ત્યાં ઑક્સીજનવાળો બેડ તો મળ્યો પણ વેન્ટિલેટર ના હોવાથી તેમણે એંબ્યુલન્સમાં પરત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા જ્યાં તેઓની એમ્બ્યુલન્સ લાઇનમાં છેક ત્રીજા નંબર સુધી આવી ગઈ હતી પરંતુ એમને બેડ મળે તે પહેલા જ રાત્રે બારેક વાગ્યાના સુમારે એમ્બ્યુલન્સમાં જ વાલજીભાઈનું પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું જેના કારણે સમગ્ર ગોકુળપુરા સહિત શહેરના માલધારી સમાજમાં શોકની લાગણી પ્રસરવા પામી હતી. મોડી રાત્રે ત્રણેક વાગે વાલજીભાઈના દેહને સરગાસણ રુદ્રભૂમિ સ્મશાન ખાતે અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.

### ધાર્મિક વૃતિના વાલજીભાઇ ગોકુળપુરાના વસાહતીઓના હક્કો માટે કાર્યરત હતા

મૂળ ગુંદરાસણ ગામના વતની વાલજીભાઇ દેસાઇ ગાંધીનગરના રબારી-માલધારી સમાજના અગ્રણી હતા અને તેમણે ગોકુળપુરાના વસાહતીઓના વીજ કનેક્શનથી માંડીને સનદ અપાવવા સુધીના હક્કો માટે લડત ચલાવીને હક્કો અપાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. વાલજીભાઇ શહેરના ગોપાલક મંડળના અગ્રણી તેમજ રબારી સમાજની અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હોવા સાથે ભાજપ માલધારી સેલના પ્રમુખ હોવા છતાં તેમને પણ અણીના સમયે કોઈ મદદ નહોતી મળી શકી. તેઓ ખૂબ ધાર્મિક વૃતિ ધરાવતા હતા અને સે.૨૫ જીઆઈડીસીમાં ક્રાઉન ચોકડી પાસેના ચેહરમાતાના મંદિરના સંચાલનમાં સેવા આપતા હતા તેમજ દર માસની બીજે તેઓ રણુજા ખાતે રામદેવ સેવા કેમ્પ ખાતે છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી નિયમિત સેવા આપતા હતા. વાલજીભાઈને સંતાનોમાં ત્રણ દીકરી અને એક દીકરો છે.

**જન્મદિને વધામણી**




વૈભવી વિરેન્દ્ર પંડ્યા



સૃજન જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે કયાંય જવાનું નથી... આ ગાડી વેંચીને... ‘એકસો આઠ’ (૧૦૮) લઈ લો.... દવાખાનામાં દાખલ થવા તો કામ લાગે...!!

## ઘ-૫ પાસે એસબીઆઈના એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં એટીએમમાંથી ચોરી કરનાર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ઘ-૫ કૈલાસસાગર કોમ્પલેક્ષમાં સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે.

ચોરી કરવાના ઈરાદે એટીએમમાં પ્રવેશ કરેલા ઈસમે લોક અને સીસીટીવી કેમેરા તોડીને રૂ. ૪,૫૦૦નું નુકસાન કર્યુ હતુ. જ્યારે સાયરન વાગે નહી તે માટે ચોર શખ્સે સાયરનનો વાયર તોડી નાખ્યો હતો.



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઘ-૫ ખાતે આવેલી એસબીઆઈ બ્રાંચમાં મેનેજર તરીકે ફરજ બજાવતા દમયંતિબેન કાનજાનીએ સે. ૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. તે મુજબ ગત તા. ૨૫ એપ્રિલના રોજ સાંજે ૬ વાગ્યાના અરસામાં બેંકના રિજનલ મેનેજરે ફોન કરીને એટીએમ અઢી વાગ્યાથી બંધ હાલતમાં હોવાનું જણાવ્યુ હતુ. જેને પગલે તપાસ કરતા એટીએમ મશીનના મુખ્ય દરવાજાનું લોક તુટેલી હાલતમાં હતુ અને સીસીટીવી કેમેરો પણ તોડી નાંખેલી હાલતમાં પડ્યો હતો. ચોરી કરતી વખતે સાયરન ન વાગે તે માટે તેનો વાયર કાપી નાંખ્યો હતો. જ્યારે સીસીટીવીનો કેબલ પણ કાપી નાંખ્યો હતો. બનાવ અંગે ફરીયાદીએ સે. ૨૧ પોલીસ મથકે એટીએમમાં ચોરીનો પ્રયાસ અને ૪૫૦૦ ના નુકશાન અંગે ગુનો નોંધાયો છે. જેથી પોલીસે બેંકના સીસીટીવી કુટેજ ચેક કરી ચોર શખ્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## કોરોનાના વધતા સંક્રમણને કારણે શહેરનું જનજીવન અસ્તવ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૭

કોરોનાના સંક્રમણથી બચવા માટે ઘરે રહેવા સિવાયનો કોઈ ઉપાય બચ્યો નથી તેમ ગાંધીનગર શહેરના કોરોનાના વધતા જતા કેસ બાબતની પરિસ્થિતિ જોતા જણાઈ રહ્યુ છે. દિવસે ને દિવસે ઘટવાની જગ્યાએ કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે શહેરમાં દરેક ઘરમાં ચારમાંથી એક જણને કોરોના આવી રહ્યો છે. શહેરની હોસ્પિટલ છલોછલ છે જ્યારે ડોક્ટરની અપોઈનમેન્ટ પણ જલ્દી મળતી નથી. શહેરમાં સ્વૈચ્છિક લોકડાઉન વેપારીઓ દ્વારા પળાય છે કારણ કે દરેક વેપારીને કોરોના ભરખી રહ્યો છે. સેક્ટરોની શોપિંગમાં - દુકાને દુકાને કોરોના જ છે. અમુક દુકાન ખોલે છે અમુક બંધ જ રહે છે. ઘણાને શહેરની બહારની હોસ્પિટલમાં દાખલ કરાય છે તો ઘણા હોમ ટ્રીટમેન્ટ લઈ રહ્યા છે. ટુંકમાં આજે એવુ નહી હોય કે કોરોનાથી કોઈ ઘર બાચી શક્યુ હોય. આ તમામ પરિસ્થિતિનો કારણે શહેરનું જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે.

શહેરમાં હાલ તમામ શહેરીજનો કોરોનાના દ્વિતિય સ્ટ્રેનનો સામનો કરી રહ્યા છે જેમાં ખાસ ઓક્સિજનની કમી પડી રહી છે અને શહેરીજનો ઓક્સિજનની શોધમાં પડ્યા છે. આ ઉપરાંત શહેરના અનેક વેપાર ધંધા અત્યારે બંધ છે. માંડ સરળ થયેલુ જનજીવન હાલ અસ્તવ્યસ્ત બન્યુ છે. આજે દૂધ-શાક સિવાય જલ્દી કાંઈ પણ સમયસર ખરીદવુ અઘરૂ પડી રહ્યુ છે. અનેક વેપારીઓને કોરોના ભરખી ગયો છે ત્યારે દુકાનો બંધ રહેવાથી શહેરીજનોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે તકલીફ પડી રહી છે. અનેક વેપારીઓએ કોરોના ગ્રસ્ત થઈને તો અમુકે સ્વૈચ્છિક લોકડાઉન પાળવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત આજે શહેરના દરેક પરિવારોમાં કોરોનાની અસર વર્તાઈ રહી છે. જેના કારણે ઘરની બહાર આવવા-જવા પર પણ પાબંધી રખાય છે.

સમગ્ર શહેર જાણે કે પોતપોતાના ઘરમાં કોરોનાથી સંતાઈ રહ્યુ છે તેમ લાગી રહ્યુ છે. છતાય કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. જે કારણે શહેરનું સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે.



### ગાંધીનગરની નવ કોવિડ હોસ્પિટલમાં ફાયર વિભાગનું ચેકીંગ

કોવિડ હોસ્પિટલમાં આગની ઘટનાઓને પગલે ગાંધીનગર ફાયર વિભાગ દ્વારા કોવિડ હોસ્પિટલમાં ચેકીંગનો ધમધમાટ જોવા મળે છે. આજે ફાયર વિભાગ દ્વારા પગરવ હોસ્પિટલ, સેકટર-૨૩, સરમાઉન્ટ હોસ્પિટલ, સેકટર-૨૬, કોલવડા આયુર્વેદિક કૉલેજ, રાંધેજા, સાર્વજનિક હોસ્પિટલ, કનોરિયા હોસ્પિટલ લાટ, આશીર્વાદ હોસ્પિટલ (વૈષ્ણોદેવી), શાશ્વત હોસ્પિટલ, પ્રથમ હોસ્પિટલ કુડાસણ અને હાઈટેક હોસ્પિટલ ખાતે ફાયરને લગતી તપાસ કરવામાં આવી હતી. ફાયર સેફટીને લઈને ખામી જણાશે તો સૂચન કરાશે. હોસ્પિટલ સ્ટાફને પ્રાથમિક જરૂરી ફાયરની તાલીમ હોય તેવી હોસ્પિટલને એન.ઓ.સી. ન હોય તેવી હોસ્પિટલને એન.ઓ.સી. લેવા માટે જણાવવામાં આવે છે તેમ ફાયર વિભાગના અધિકારી રાજકુમાર રાજપૂતે જણાવ્યું હતું.

## જિલ્લા-મહાનગરના ભાજપ સંગઠનના પ્રભારીઓની નિયુક્તી થઈ

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આજે જિલ્લા અને મહાનગરોના સંગઠનના પ્રભારીઓની યાદી જાહેર કરી છે.

ગાંધીનગર જિલ્લાના પ્રભારી તરીકે હર્ષદભાઈ પટેલ (રાણીપ) અને પંકજભાઈ ચૌધરીની નિયુક્તી કરવામાં આવી છે.

જ્યારે ગાંધીનગર શહેરના પ્રભારી તરીકે પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલ તથા મોહનભાઈ પટેલની (પાટણ)ની નિમણુંક કરવામાં આવી છે.

નવનિયુક્ત પ્રભારીઓને તાત્કાલિક અસરથી જવાબદારી સ્વીકારી અને વર્તમાન સંજોગોમાં કોરોનાની મહામારીમાં સેવા હી સંગઠનના સંદર્ભમાં ચાલી રહેલા સેવાકાર્યો અને વેક્સિન અભિયાન અંગેની કામગીરીમાં વિશેષ ધ્યાન આપશે.

હર્ષદભાઈ પટેલે જિલ્લા પંચાયતની ચૂંટણી વખતે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે ફરજો બજાવી હતી અને જિલ્લાની ભૌગોલિક તેમજ રાજકીય સ્થિતિના અચ્છા જાણકાર છે. ગાંધીનગર શહેરના પ્રભારી તરીકે નિયુક્ત પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે પણ મનપામાં ચૂંટણી નિરીક્ષક તરીકેની કામગીરી કરી હતી અને શહેરની સ્થિતિથી સંપૂર્ણ વાકેફ છે.

જિલ્લા અને શહેરના સંગઠનમાં નવા પ્રભારીઓની નિયુક્તીથી આગામી દિવસોમાં નવો પ્રાણ ફુંકાતો જોવા મળશે. શહેર-જિલ્લા સંગઠનની નબળાઈઓથી નિરીક્ષકો સંપૂર્ણ વાકેફ છે. જિલ્લાની સંગઠનની સંરચનાનો મુદ્દો હાલ પ્રદેશણાં પડતર છે તેનો પણ ઝડપથી ઉકેલ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

નવા પ્રભારીઓની નિયુક્તીની જાહેરાતના પગલે ભાજપના આગેવાનો જે નિષ્ક્રીય થયા હતા તે પણ સક્રિય થવા લાગ્યા છે.

## કોરોનાએ કેરી આરોગવાની મજા બગાડી...

ગાંધીનગર, તા. ૨૭

ઉનાળો આવે અને સૌનુ મનગમતુ ફળ કેરી લાવે. સૌને વ્હાલી કેરી શહેરમાં દેખા દઈ રહી છે. ગયા વર્ષે કોરોનાને કારણે કેરી ખાવાની મજા શહેરીજનો નહતા માણી શક્યા એટલે આ વર્ષે આશા હતી કે કેરી ભરપૂર ખાઈશુ. પરંતુ આ વર્ષે પણ કોરોનાને કારણે કેરી પ્રમાણમાં ખવાશે નહિ. જાણે કે કોરોનાએ કેરી ખાવાની મજા જ બગાડી દીધી છે. ઉનાળાના તડકામાં જ્યારે ખાસ તડબૂચ અને ટેટી પણ વધુ પ્રમાણમાં આરોગાય છે. ત્યારે તમામ સેક્ટરોમાં વેચાઈ રહ્યો છે. પરંતુ કેરીનું આગમન થતા જ મોટાભાગના મોટા કેરીના સ્લોટ શહેરમાં આવી ગયા છે પરંતુ મોટા ભાગના કોરોનાગ્રસ્ત શહેરીજનો હાલ કેરી



ખરીદી શકે તેમ નથી આમ તો કેરીમાં વિટામીન સી ભરપૂર પ્રમાણમાં હોય છે પરંતુ હાલ પુરતુ ડોક્ટર કેરી આરોગવાની સલાહ આપતા નથી સાથે નાના બાળકોથી લઈ મોટા તમામને કેરી ભાવે છે પરંતુ આ કોરોનાએ કેરી ખાવાની મજા જ બગાડી દીધી છે તેવુ શહેરીજનો જણાવી રહ્યા છે. ના તો કોઈ મૂડ છે અને ના તો કોરોનાને લીધે ખરીદી કરવા જવાય છે. આ બન્ને કારણોએ આ વર્ષે પણ કોરોનાએ કેરી આરોગવાની ઉત્સુકતા શહેરીજનો પાસેથી છીનવી લીધી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલે કોરોના વેક્સીનેશનનો પ્રથમ ડોઝ લીધો.
- સરઢવથી ચૈત્રી પૂનમે પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર જતો પગપાળા યાત્રા સંઘે આ વખતે કોરોનાની મહામારીને પગલે પગયાત્રા મુલ્તવી રાખી ગામના જ રણછોડજી મંદિરે ધ્વજારોહણ કર્યુ હતુ.
- ગાંધીનગર અખબારભવન નજીક આજે પત્રકારોએ વૃક્ષારોપણ કર્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના નિવૃત્ત કર્મયોગી રોહિત ભટ્ટનું દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણને પગલે મૃત્યુઆંક વધી રહ્યો છે ત્યારે તંત્ર યોગ્ય પગલાં લે તેવી માંગ ગ્રામ્યજનોમાં ઉઠવા પામી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના રેપીડ ટેસ્ટ માટેની કીટો છેલ્લા ચાર દિવસથી ફળવાઈ ન હોવાથી લોકો ધક્કા ખાઈ પરત ફરે છે.
- દહેગામ તાલુકાના ખાખરા ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિનું ઓક્સિજન ન મળતાં મોત થતાં તાલુકામાં આરોગ્ય તંત્ર સામે રોષની લાગણી ઉભી થઈ છે.

## દૂધ ભરાવવા માટે ફરજિયાત માસ્ક પહેરીને આવવા સોનીપુર ડેરીનું ગ્રાહકોને અલ્ટીમેટમ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસ સંક્રમણથી પોઝીટીવ કેસોનો વિસ્ફોટ થયો છે અને ગામેગામ કોવિડ દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે જેના કારણે સમગ્ર જિલ્લામાં કટોકટી જેવી સ્થિતિ સર્જાવા પામી છે. આ સ્થિતિમાં હજુ પણ અનેક નાગરિકોમાં કોરોના પ્રત્યે ગંભીરતા જોવા મળતી નથી અને સાવચેતી બાબતે ઉદાસીનતા જોવા મળે છે જેમાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોમાં બેદરકારી સવિશેષ જોવા મળી રહી છે. ગ્રામીણ નાગરિકોની માસ્ક નહી પહેરવાની બેદરકારીથી કોરોના સંક્રમણ હજુ ભયજનક રીતે ના વધે તે હેતુથી ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે દૂધ મંડળી દ્વારા મંડળી પર દૂધ ભરાવવા આવતાં દૂધ ઉત્પાદકોને ફરજિયાત માસ્ક પહેરીને આવવા સૂચના આપવામાં આવી છે. આ સાથે ચેતવણી આપવામાં આવી છે કે જે ગ્રાહક માસ્ક પહેર્યા વગર આવશે તેનુ દૂધ ડેરીમાં લેવામાં આવશે નહી.

# સે.૭માં કુદરતી ઓક્સિજનની ફેકટરી સમાન મિની નેચર પાર્ક જેવું ઘર..!!







ગાંધીનગર તા.૨૭

કોરોના ... કોરોના... કોરોના.. ચારે બાજુ એકજ વાત અને સમાચારોમાં પણ આજ વાત. સામાન્ય જનતામાં ભયનો માહોલ પ્રસરી ગયો છે. ઓક્સિજન માટેની ભાગદોડ જોવા મળી રહી છે. આ વાતાવરણની ચિંતા કે ભય રાખ્યા સિવાય પોતાની મસ્તીમાં કુદરતને સાથે રાખી પ્રેરણારૂપ ઘરે રહીને ગાંધીનગરમાં કુસુમબેન સુથારે પોતાના ઘરને ઓક્સિજનયુક્ત મીની નેચર પાર્ક જેવું બનાવી દીધું છે.

સેકટર ૭એમાં રહેતા કુસુમબેન સુથાર પોતાના ઘર નજીક મંદિર પાસે પડેલા માટલાના ગરબાઓને જ પક્ષી માળા બનાવી અથવા તેમાં છોડ વાવીને ઉછેરે છે જેના કારણે તેમણે પોતાના ઘરને સંપૂર્ણ ઓક્સિજનયુક્ત ઘર બનાવી જાણે મીની નેચર પાર્ક બનાવી દીધુ છે. ચકલી એમના ઘરની સભ્ય જ બની ગઈ છે. આ ગરમીના માહોલમાં ચકલીઓના બચ્ચા પણ કિલ્લોલ કરી રહ્યા છે. લોકડાઉનના સમયમાં ઘરે રહીને કુદરત સાથે રહી એક પ્રેરણારૂપ અને મહામારીના વાતાવરણમાં ડરથી દૂર રહી તેમણે એક સારૂ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે. આજે સેકટર ૭ એના પ્લોટ નં. ૩૧૪/૧માં ચકલીનુ સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. કુસુમબેન પડોશી અને મિત્ર વર્તુળમાં પણ માળાઓ વહેંચી પક્ષીઓ બચાવવાનુ અને તેમની સંખ્યા વધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને તેમને સૌને એક જ સંદેશ એવો છે કે આવો વધુ વૃક્ષ વાવીએ કુદરતી ઘર આંગણે જ કુદરતી ઓક્સિજનની ફેકટરી નાંખીએ, પર્યાવરણને બચાવી આનંદમય જીવન વિતાવીએ.